ગુજરાત સરકારના વર્ગ-૪ ના
કર્મચા...ઓને વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માટે
બોનસ ચુકવવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક:- બનસ-૧૦૨૦૧૩/જીઓઆઇ/૧૦/ચ
સચિવાલય, ગાંધીનગર
તા.૩/૧૧/૨૦૧૮

## // ઠરાવ //

રાજ્ય સરકાર દ્વારા સાતમા, છઠ્ઠા અને પાંચમા પગારપંચમાં વર્ગ-૪ ના સંવર્ગમાં નિયમિત પગાર ધોરણમાં ફરજ બજાવતા કર્મચારીઓને અને ૨૦૧૭-૨૦૧૮ ના હિસાબી વર્ષ માટે ૩૦ (ત્રીસ) દિવસના વેતન જેટલું બોનસ ચુકવવાનો નિર્ણય કરેલ છે. બોનસની રકમની મહત્તમ મર્યાદા રૂ. ૩૫૦૦/- ની રહેશે. આ હુકમના હેતુ માટે:

(૧) પગાર એટલે ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ ના નિયમ ૯(૫૩) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો પગાર.

(૨) જગ્યાનો પગાર અથવા પગારધોરણ એટલે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો ૨૦૧૬, ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો ૨૦૦૯ માં તેમજ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો ૧૯૯૮ માં નિ..ત થયેલ અને સુધારવામાં આવેલ પગાર અથવા પગાર ધોરણ.

૨. બોનસનો લાભ નીચેની શરતોને આધીન રહીને મળવાપાત્ર થશે.

(૧) બોનસનો લાભ ફક્ત વર્ગ-૪ ના કર્મચારીઓને મળવાપાત્ર થશે.

(૨) તા. ૩૧/૩/૨૦૧૮ ના રોજ નોકરીમાં ચાલુ હોય અને ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષ દરમ્યાન જેમણે ઓછામાં ઓછી ૬(છ) મહિનાની સળંગ નોકરી કરી હોય તે કર્મચારીઓ આ હુકમ અન્વયે કરેલ નોકરીના પ્રમાણમાં ચુકવણીને પાત્ર બનશે. પાત્રતાનો ગાળો નોકરીમાં મહિનાને સંખ્યા (નજીકના આખા મહિનામાં) ના આધારે ગણવામાં આવશે.

(૩) આ હુકમો હેઠળ મળવાપાત્ર બોનસનું પ્રમાણ તારીખ ૩૧/૩/૨૦૧૮ ના રોજ મળવાપાત્ર મળતરના આધારે રહેશે.

Scanned by CamScanner

૬. ઉપર્યુક્ત હુકમો વર્ગ-૪ ના રાજ્ય સરકારના, પંચાયતના અને પગારભથ્થાની ૧૦૦% ટકા સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓ કે જેના વર્ગ-૪ ના કર્મચારીઓને સરકારશ્રીની મંજુરીથી અગાઉ બોનસ અપાયેલ હોય તેવી સંસ્થાના વર્ગ-૪ ના કર્મચારીઓને લાગુ પડશે.

૭. ઉપર-૫ માં દર્શાવેલ અનુદાન મેળવતી સંસ્થાઓ માટે આ હુકમથી થતુ ખર્ચ સહાયક અનુદાનના નિયત ઢાંચા પ્રમાણે અનુદાન માન્ય ખર્ચ તરીકે ગણવાનું રહેશે.

૮. મંત્રીમંડળના મહેકમ ઉપરના વર્ગ-૪ ના કર્મચારીઓને પણ ખાસ કિસ્સામાં આ લાભ આપવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

ક્રમાંક : હિ.૪/બોનસ.પરિપત્ર/૨૦૧૮-૧૯/૧૮૦૪૮ - ૧૮૨૩૧

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો. પાલનપુર
તા. ૨૨/૧૧/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી, (તમામ)
બિનસરકારી માધ્ય/ઉ.મા. શાળાઓ.
બનાસકાંઠા જિલ્લો. પાલનપુર

જાણ તેમજ અમલ થવા સારુ માહે-ડિસે-૨૦૧૯ ના પગારબીલ સાથે તા. [illegible]-૧૨-૨૦૧૯ સુધીમાં આર.ટી.૧૨ માં ડેટ (BONUS-27) માં મોકલી આપવા (બોનસ તથા સાતમાં પગાર પંચ મુજબ આર.ટી.૧૨ અલગ-અલગ આપવાના રહેશે).

બિડાણ: પત્રક
બોનસની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | કર્મચારીનું નામ | એમ્પ્લોઈઝ નંબર | હોદ્દો | પગાર ધોરણ | તા.૩૧-૦૩-૨૦૧૯ના રોજના પગાર | નિમણૂંક તારીખ | મળવાપાત્ર બોનસની રકમ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

જિલ્લા શિક્ષણાધિકારી,